અડાલજ ત્રિ-મંદિર પાસે અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું કમકમાટીભર્યું મોત

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમે બહેનોએ તો નક્કી કરી જ લીધુ છે... બુલેટ ટ્રેઇનનાં પાટા નંખાય પછી... મીટરગેજનાં પાટા પર જવાનુ બંધ...!!

વિશિષ્ટ બાળકોની સંસ્થાઓ માટેના વર્કશોપનું સમાપન

દેશના વિવિધ રાજયોમાંથી આવેલા પ્રતિનિધિઓએ ભાગ લીધો : નિષ્ણાતો દ્વારા વિવિધ વિષયે સઘન તાલીમ અપાઈ : માનસિક રીતે વિશિષ્ટ બાળકોના જીવનમાં વર્કશોપના તાલીમાર્થીઓ પરિવર્તન લાવશે

ગાંધીનગર, તા.૧૪ ગાંધીનગર-૧૨-૧૪ એનઆઈસીએમ ઈન્સ્ટીટયુટ ખાતે બેંગ્લોરની નેશનલ કોન્ફડરેશન ઓફ પેરેન્ટસ ઓર્ગેનાઈઝેશન્સ-પરિવાર દ્વારા સાધના પેરેન્ટસ એસોસિએશન ઓફ મેન્ટલી ચેલેન્જડ પર્સન્સના સહયોગથી આયોજિત ત્રિદિવસીય કેપેસીટી બિલ્ડીંગ એન્ડ લીડરશીપ ટ્રેઈનીંગ વર્કશોપનું રવિવારે સમાપન યોજાયું હતું. આ વર્કશોપમાં માનસિક રીતે વિશિષ્ટ બાળકો માટે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓને સઘન તાલીમ આપવામાં આવી હતી.

આ વર્કશોપમાં વિવિધ નિષ્ણાંતો દ્વારા ટ્રેઈનરોને વિવિધ વિષયે તાલીમ આપવામાં આવી હતી. જેમાં સંચાલન, હ્યુમન રિસોર્સ, લીડરશીપ, કાયદાકીય જોગવાઈઓ, પુનર્વસન, રોજગારી જેવા મહત્વના મુદ્દાઓનો સમાવેશ કરાયો હતો. ત્રણ દિવસની સઘન તાલીમમાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, વ્યાખ્યાનો, જુથ ચર્ચા તથા કેસસ્ટડી વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

રવિવારે વર્કશોપના આખરી દિવસે બીપીએના ડૉ. ભુષણ પુનાનીત દ્વારા સીએસઆર અંગે માહિતી આપવામાં આવી હતી તથા બીપીએના ડૉ. નંદીની રાવલ દ્વારા ડોનર સાથેના સંબંધો અને પારદર્શિતા, વિશ્વસનીયતા કેળવવા તાલીમ અપાઈ હતી. કમાન્ડર રંગ બીજુર દ્વારા ચાર ગ્રુપ પાડી કેસ સ્ટડી હાથ ધરાયો હતો તથા જૂથ ચર્ચા દ્વારા અગત્યની માહિતી પૂરી પાડવામાં આવી હતી. કેપેસીટી બિલ્ડીંગ એન્ડ લીડરશીપ ટ્રેઈનીંગ વર્કશોપના સમાપન સમારંભમાં મુખ્ય અતિથિ પદે ફોરેન્સિક સાયન્સ યુનિ.ના ડીન ડૉ. મુકુન્દન ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અંતે સાધના પેરેન્ટસ એસોસિએશનના પ્રમુખ ગંગારામભાઈ પટેલ તથા મંત્રી ભાનુપ્રસાદ ચૌહાણ દ્વારા તમામ ટ્રેઈનરોનો આભાર માનવામાં આવ્યો હતો. વર્કશોપ માનસિક રીતે વિશિષ્ટ બાળકોના ભવિષ્ય માટે ખુબ જ ઉપયોગી નીવડશે તેવો તમામે આત્મ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

બાબાસાહેબ આંબેડકર ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૪

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણીના સંદર્ભમાં આજરોજ સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે રમણલાલ વોરા, મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અધ્યક્ષસ્થાને એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંસદીય સચિવશ્રી જેઠાભાઈ સોલંકી, અનુસૂચિત જાતિના ધારાસભ્યશ્રીઓ, નિગમના ચેરમેનશ્રીઓ, કર્મશીલો તેમજ શ્રી સંજયપ્રસાદ આઈએએસ, અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, શ્રી પી.ડી. વાઘેલા, કોમર્શીયલ ટેક્ષ કમિશનરશ્રી, શ્રી પી.કે. પરમાર, અગ્રસચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ અને ગ્રામ વિકાસ વિભાગ, શ્રી કે.ડી. કાપડીયા, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ વિગેરે ઉચ્ચ સનદી અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે અત્યાર સુધીમાં થયેલા કાર્યક્રમો/લોકાર્પણોની વિગતો રજુ કરવામાં આવી હતી. અને હવે પછી થનાર કાર્યક્રમો વિશે પણ આયોજન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં કર્મશીલો ઉપરાંત દલિત સાહિત્યકારોએ પોતાના મંતવ્યો અને સુચનો રજુ કર્યા હતા. મળેલા સુચનો અને મંતવ્યો અંગે યોગ્ય અભ્યાસ કરીને શક્ય તે બાબતોને આવરી લેવા પ્રયાસ કરવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ચાયના ફોરચ્યુન લેન્ડ ડેવલપમેન્ટ કંપનીના ઓવરસીઝ પ્રેસિડેન્ટ ઝાહોઓ-હોન્ગજિંગ મુખ્યમંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સાથે આજે ગાંધીનગરમાં ચાયના ફોરચ્યુન લેન્ડ ડેવલપમેન્ટ કંપની CFLD ના ઓવરસીઝ ડિવીઝનના પ્રેસિડેન્ટ શ્રીયુત પ્રેસિડેન્ટ ઝાહોઓ-હોન્ગજિંગએ સૌજન્ય મુલાકાત બેઠક યોજી હતી.

સી.એફ.એલ.ડી. ચાયનામાં વિશાળ પાયા ઉપર સ્માર્ટસિટીના નિર્માણમાં તજજ્ઞતા ધરાવે છે અને ૪૧ જેટલા સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટીઝનું ચાયનામાં ૬,૪૨,૪૭૪ એકર વિસ્તારમાં તેણે નિર્માણ કરેલું છે.

મુખ્યમંત્રીશ્રી સાથેની આ બેઠકમાં શ્રીયુત ઝાહોઓ-હોન્ગજિંગે ભારતમાં અંદાજે ૨૦ બિલીયન યુ.એસ. ડોલર્સના આગામી ૧૦ વર્ષમાં રોકાણ સાથે ૧૦ વિશાળ સ્માર્ટસિટીઝ નિર્માણમાં તેઓની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ સંદર્ભમાં ગુજરાતમાં પણ વૈશ્વિક વિકાસની ગતિશીલતાની પરિપાટીએ સ્માર્ટસિટીઝ ડેવલપમેન્ટમાં સી.એફ.એલ.ડી.ની સહભાગીતાની ઉજજવળ સંભાવનાઓની તેમણે મુખ્યમંત્રીશ્રી સાથેની આ બેઠકમાં ચર્ચા-વિચારણા કરી હતી.

યુનિવર્સિટી કૌભાંડ : પરિમલ ત્રિવેદી સામે ફરિયાદની માંગ

અમદાવાદ, તા.૧૪

ફિક્સ ડિપોઝીટના વહિવટમાં ગેરરીતી આચરીને યુનિવર્સિટીને કરોડો રૂપિયાનું નુકશાન પહોંચાડવાના મામલામાં પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદી ઉપર તપાસની માંગણીને લઈને મામલો ફરી બિચક્યો છે. પરિમલ ત્રિવેદીની સાથે-સાથે પૂર્વ ઈન્ચાર્જ રજીસ્ટ્રાર મિનેષ શાહ સામે પોલીસમાં ફરિયાદ નોંધવા માટે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર દ્વારા લેખિતમાં અરજી કરવામાં આવી ચુકી છે. આ મામલે સેનેટ સભ્ય દ્વારા રાજયપાલ અને તકેદારી આયોગને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. રાજયપાલ અને તકેદારી આયોગે રાજય સરકારના શિક્ષણ વિભાગ મારફતે ઓડિટ વિભાગ લોકલ ફંડ પાસેથી અહેવાલમાં યુનિવર્સિટીની જુદી જુદી બેન્કોમાં મુકવામાં આવેલી ફિક્સ ડિપોઝિટની રકમ અંગે ગેરવહીવટ અને નાણાકીય ગેરશિસ્ત આચરીને યુનિવર્સિટીને કરોડો રૂપિયાના વ્યાજનું હોવાનું બહાર આવ્યું હતું.

અડાલજ ત્રિ-મંદિર પાસે અજાણ્યા વાહનની ટક્કરે યુવાનનું કમકમાટીભર્યું મોત

ગાંધીનગર, તા.૧૪

શિયાળાના ધુમ્મસ ભર્યા વાતાવરણને લીધે ગાંધીનગર અને આસપાસના જાહેર માર્ગો પર વાહન અકસ્માતની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. દરરોજનાં ચાર થી પાંચ અકસ્માતો નોંધાઈ રહ્યા છે. જયારે ઓછમાં ઓછા એક વ્યકિતનો ભોગ લેવાઈ રહ્યો છે.

અકસ્માતની વણઝાર વચ્ચે આજે વહેલી સવારે ગાંધીનગર નજીક અડાલજ ત્રિમંદિર પાસે અજાણ્યા વાહનની ટક્કરે ૩૦ વર્ષીય અજાણ્યા યુવાનનું કમકમાટીભર્યું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. આ મામલે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક અડાલજથી પસાર થતા નેશનલ હાઈવે પર દિવસ-રાત હજારોની સંખ્યામાં વાહનો દોડી રહ્યા છે. આ બેફામ ગતિએ દોડતા વાહનોના ચાલકોને લીધે આ માર્ગ પર વારંવાર ગોઝારા અકસ્માતો ઘટી ચુકયા છે. જેમાં અનેક નિર્દોષો લોકોના ભોગ લેવાય છે ત્યારે આવો જ વધુ એક અકસ્માત થતા વધુ એક યુવાનનો ભોગ લેવાયો હતો.

અડાલજ-મહેસાણા હાઈ-વે પર અડાલજ નજીક ત્રિમંદિર આવેલું છે. આ વ્યસ્ત અને વાહનોથી ધમધમતા માર્ગ પર આજે વહેલી સવારે પુરપાટ ઝડપે દોડી આવતા એક અજાણ્યા રાહદારીને જોરદાર ટક્કર મારતા રાહદારી યુવાન માર્ગથી દુર ફંગોળાઈ ગયો હતો આથી આ યુવાનને માથાના તેમજ શરીરના ભાગો પર લોહીયાળ ગંભીર ઈજાઓ થવા પામી હતી અને ઘટના સ્થળે જ તેનું ઈજાના કારણે કમકમાટી ભર્યું કરૂણ મોત નિપજયું હતું.

આ બનાવ મામલે અડાલજ પોલીસે બનાવ સ્થળે પહોંચી મૃતક યુવાનના મૃતદેહને પીએમ અર્થે ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપ્યો હતો. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી અજાણ્યા મૃતકના પરિવારજનોની શોધખોળ હાથ ધરી છે.

સે-૧૫ના મહાકાળી મંદિરમાં ૧૭મી વર્ષગાંઠની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૪

મહાકાળી સેવા મંડળ અને સમસ્ત ગ્રામજનોના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૬મી ડિસેમ્બરના રોજ શ્રી મહાકાળી માતાજી મંદિરની ૧૭મી વર્ષગાંઠની ઉજવણી કરાશે. મહાકાળી માતાજી મંદિર ફતેપુરા ગામ, સેકટર-૧૫ ખાતે સવારે ૮.૩૦ કલાક માતાજીનો હવન, શોભાયાત્રા સવારે ૮.૩૫ કલાકે નીકળશે. ત્યારબાદ સવારે ૯.૦૫ કલાકથી માતાજીની પધરામણી કરવામાં આવશે. આ ઉપરાંત રાત્રે ૯.૦૦ કલાકે રાસ ગરબાનું આયોજન કરાયું છે.

નાતાલની પૂર્વ સંધ્યાએ સાયલન્ટ માર્ચ યોજાશે

ગાંધીનગરના સે. ૨૩ ખાતેના મેથોડીસ્ટ ચર્ચ દ્વારા નાતાલ પર્વની પૂર્વ સંધ્યાએ તા. ૨૪મી ડિસેમ્બરે સાંજે ૬ કલાકે શાંતિ રેલીનું આયોજન કરાયું છે. આ રેલી સે. ૨૩ના મેથોડીસ્ટ ચર્ચથી નીકળીને ઘ-૬ સર્કલ, સે. ૨૪ ચાર રસ્તા, સ્વામિનારાયણ મંદિર થઈ ફરી ચર્ચ ખાતે વિરામ પામશે.

નાતાલનું પર્વ ઈશુ ખ્રિસ્તના જન્મની ઉજવણી સાથે શાંતિ અને સદ્‌ભાવનાનો સંદેશ પાઠવવાનું પર્વ છે. ગાંધીનગરના વિવિધ ચર્ચોમાં નાતાલનું પર્વ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. જેમાં નગરના ખ્રિસ્તી શ્રદ્ધાળુઓ ખૂબ જ ઉલ્લાસપૂર્વક મોટી સંખ્યામાં જોડાય છે. સે. ૨૩માં મેથોડીસ્ટ ચર્ચ દ્વારા દર વર્ષે નાતાલની પૂર્વ સંધ્યાએ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ રેલીને "સાયલન્ટ માર્ચ" નામ આપવામાં આવ્યું છે. સાયલ્ટ માર્ચમાં નગરના તમામ ખ્રિસ્તી પરિવારો સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈ હાથમાં મીણબત્તી સાથે જોડાશે.

આ રેલીમાં જીસસ કાઈસ્ટના જન્મની વધામણીના ગીતો સાથે શ્રદ્ધાળુઓ ઈશુ ખ્રિસ્તના પ્રેમ તથા શાંતિના સંદેશને ફેલાવશે. આ રેલીમાં સે. ૨૩ના મેથોડીસ્ટ ચર્ચના પાસ્ટર મનોજ પરમાર ઉપરાંત ગાંધીનગરના તમામ ચર્ચોના પાસ્ટર્સ અને શહેરના ખ્રિસ્તી શ્રદ્ધાળુઓ જોડાશે.

કાતિલ ઠંડીના દિવસોમાં મોર્નિંગ સ્કૂલનો સમય બદલવા માંગણી

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળતા નગરનું જનજીવન પ્રભાવિત થયું છે. ત્યારે શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત પણ કફોડી બની છે. મોર્નિંગ સ્કૂલની શાળાઓના સમયમાં ફેરફાર કરવા વાલીમંડળ દ્વારા જિલ્લા શિક્ષણતંત્રને રજુઆત કરવામાં આવી છે.

સમગ્ર રાજયમાં ઠંડીનો કહેર વર્તાઈ રહ્યો છે. ગ્રીનસીટી ઠંડીની દૃષ્ટિએ બીજા સ્થાને હોવાનું સ્પષ્ટ થયું છે. શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મૌસમનો મિજાજ બનતા ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ઠંડીનો પારો ૭ ડી.સે. પહોંચી જતા સીઝનનો રેકોર્ડબ્રેક તાપમાન નોંધાયું હતુ જ્યારે હજુ પણ ઠંડીનો પારો ૧૦ ડિગ્રીની અંદર રહેતા વહેલી સવારે અને રાત્રિના સમયે ઘરની બહાર નીકળવાનું મુશ્કેલ બન્યું છે. સમગ્ર શહેરને કોલ્ડવેવે બાનમાં લેતા નગરનું જનજીવન પણ ઠંડીની અસરથી સ્તબ્ધ થઈ ગયું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. સૂસવાટા મારતી ઠંડીના લીધે મોર્નિંગ સ્કૂલમાં શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત પણ દયાજનક બની છે. દર વર્ષે કાતિલ ઠંડીના પગલે સવારની શાળાના સમયમાં ફેરફાર કરવા પ્રબળ માંગ ઉઠવા પામે છે. પરંતુ આકરી ઠંડીના દિવસો વીતી ગયા બાદ મોડે-મોડેથી આ મામલે સુચનાઓ જારી થતા કોઈ હેતુ સરતો નથી. હાલ શહેરમાં કડકડતી ઠંડીને ધ્યાને લઈ સવારની શાળાના સમયમાં ફેરફાર કરવા વાલીમંડળે જિલ્લા શિક્ષણતંત્રને રજૂઆત કરી છે. શહેરની ઘણી ખરી શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો સમય સવારનો છે. આ શાળાઓના સમયમાં થોડો ફેરફાર કરી ઠંડીના દિવસોમાં વિદ્યાર્થીઓને થોડી રાહત આપવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

વિદ્યાર્થીઓને ઠંડીથી રક્ષણ આપવા વાલીમંડળની રજુઆત

ટોલટેક્ષના નામે લૂંટની સામે આમ આદમી પાર્ટીના શાંતિપૂર્ણ દેખાવો

વિવિધ જગ્યાઓ ઉપર ટોલટેક્ષ મુકી ઊંચી રકમ વસુલાઈ રહી છે : એએપીના કાર્યકરોનો આક્ષેપ : બુથ પર એકત્રિત

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં ટોલટેક્ષના નામે થઈ રહેલી લૂંટનો આક્ષેપ કરીને એએપીના કાર્યકરોએ આજે વહેલી સવારથી આમ આદમી પાર્ટીના કાર્યકરો સુરત, ખેડા, જુનાગઢ, રાજકોટ, બનાસકાંઠા, મહેસાણા અને વડોદરા ખાતે વિવિધ ટોલ બુથો ઉપર એકઠાં થયા હતા અને સરકારના ટોલરાજનો શાંતિપૂર્ણ રીતે વિરોધ કર્યો હતો અને પત્રિકાઓ વહેંચી હતી, જેમાં ટોલરાજથી ત્રસ્ત મુસાફરોનો અત્યંત હકારાત્મક પ્રતિસાદ જોવા મળ્યો હતો. લોકોએ પોતાના વાહનો ઉભા રાખી ને ટોલ ને લગતી પોતાની સમસ્યાઓ વર્ણવી હતી અને ટોલટેક્ષનો પ્રશ્ન ઉઠાવવા બદલ કાર્યકર્તાઓના પ્રયત્નોને બિરદાવ્યા હતા. કેટલાક મુસાફરોએ આ આંદોલનનો છેક સુધી સાથ આપવાની ખાતરી આપી પોતાના સંપર્ક સુત્રો આપ્યા હતા તો કેટલાક મુસાફરોએ સામેથી આજના આખા દિવસ માટે આમ આદમી પાર્ટીની ટોપી પહેરી આંદોલનમાં સાથ આપવાનો રસ્તો અપનાવ્યો હતો. સોશિયલ મિડીયામાં પણ આમ આદમી પાર્ટીના ટોલ વિરોધી આંદોલનની નોંધ લેવાઈ હતી.

આંદોલનને મળતા પ્રતિસાદથી ચેતીને આંદોલન ગરમાય અને ખુબ મોટી સંખ્યામાં લોકો જોડાય તે પહેલાં જ પોતાની સામે વિરોધનો કોઈ પણ સુર ન સાંખી લેતી સરકારે મોટી સંખ્યામાં પોલીસ તંત્રને કામે લગાડીને એકઠા થયેલા કાર્યકર્તાઓમાં થી મહેસાણા અને વડોદરા ખાતે કેટલાક કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. છેલ્લા કેટલાય સમયથી પોતાની સામે વિરોધનો એક પણ અવાજ ન ઉઠે અને ઉઠે તો તેને દબાવી દેવો તેવું ફરમાન સમગ્ર સરકારી તંત્રને અપાયું હોય તેમ લાગે છે.

છેલ્લા કેટલાક સમયથી આમ આદમી પાર્ટીના ખેડુત સંમેલન કે અચ્છે દિનની પુણ્યતિથી જેવા કોઈ પણ કાર્યક્રમોને સરકાર પોલીસતંત્રનો દુરુપયોગ કરી શરૂ થતાંની સાથે જ કાર્યકરોની અટકાયત કરીને દબાવી દે છે. આજ પ્રકારે આ સરકારે નજીકના ભુતકાળમાં પાટીદાર આંદોલન ઓબીસી સમાજ દ્વારા હાલમાં ચાલી રહેલ આંદોલન અને એજ રીતે છેલ્લા ૧૩ વર્ષમાં થયેલ દરેક આંદોલનને દબાવી દીધા છે. આંદોલનનો ને કચડી નાંખવાનું આ ગુજરાત મોડેલ આજકાલ દિલ્હીમાં પણ ચાલી રહ્યું છે. જે મુજબ પૂર્વ સૈનિકો દ્વારા ૬ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલ આંદોલનને પણ કચડી નાંખવાના પ્રયત્નો થયા છે. આ લોકશાહીની હત્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧

યુનિવર્સિટી કૌભાંડ : પરિમલ ત્રિવેદી સામે ફરિયાદની માંગ

અમદાવાદ, તા.૧૪

ફિક્સ ડિપોઝીટના વહિવટમાં ગેરરીતી આચરીને યુનિવર્સિટીને કરોડો રૂપિયાનું નુકશાન પહોંચાડવાના મામલામાં પૂર્વ કુલપતિ પરિમલ ત્રિવેદી ઉપર તપાસની માંગણીને લઈને મામલો ફરી બિચક્યો છે. પરિમલ ત્રિવેદીની સાથે-સાથે પૂર્વ ઈન્ચાર્જ રજીસ્ટ્રાર મિનેષ શાહ સામે પોલીસમાં ફરિયાદ નોંધવા માટે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર દ્વારા લેખિતમાં અરજી કરવામાં આવી ચુકી છે. આ મામલે સેનેટ સભ્ય દ્વારા રાજયપાલ અને તકેદારી આયોગને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. રાજયપાલ અને તકેદારી આયોગે રાજય સરકારના શિક્ષણ વિભાગ મારફતે ઓડિટ વિભાગ લોકલ ફંડ પાસેથી અહેવાલમાં યુનિવર્સિટીની જુદી જુદી બેન્કોમાં મુકવામાં આવેલી ફિક્સ ડિપોઝિટની રકમ અંગે ગેરવહીવટ અને નાણાકીય ગેરશિસ્ત આચરીને યુનિવર્સિટીને કરોડો રૂપિયાના વ્યાજનું હોવાનું બહાર આવ્યું હતું.

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર ત્રિમાસિક ન્યુઝ લેટર 'સાગરિકા'ના ડિઝાઈનીંગ અને ઓફસેટ પ્રિન્ટીંગ માટે ટેન્ડરથી ડીસેમ્બર-૨૦૧૭ સુધી કામગીરી કરવા માટેસીલબંધ ઓફર મંગાવવામાં આવે છે.

આ અંગેના ટેન્ડર ફોર્મ પ્રત્યેક ટેન્ડર ફોર્મ રૂ. ૧૦૦/- રોકડમાં ભર્યેથી કમિશનની કચેરીના સમય દરમિયાન તા. ૨૮/૧૨/૨૦૧૫ સુધીમાં મળી શકશે.

નિયામક
ગુજરાત ઈકોલોજી કમિશન
બ્લોક નં. ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૫૭૬૫૬

માહિતી/૨૦૪૦/૨૦૧૫-૧૬

ખૂણે ખાંચરેથી...

● જિલ્લા મેલેરીયા અધિકારી મમતાબેન દત્તાણી નવી દિલ્હી ખાતે WHO આયોજિત વર્કશોપમાં હાજરી આપી પરત ફર્યા છે.

● જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ જાગાણી એલ.ટી.સી.ની રજા પર ગયા છે.

● જિલ્લામાં ૫૬ જેટલી મહિલાઓ વાર્ષિક રૂ. ૧ લાખની આવક દૂધમાંથી મેળવે છે.

● ધો. ૬ થી ૮માં વિદ્યાસહાયકોની ભરતી માટેના અરજીપત્રકો જિલ્લા પંચાયત ખાતે સ્વીકારવામાં આવી રહ્યા છે. આજે ૨૫૦થી વધુ ફોર્મ આવ્યા હતા.

● માણસા તાલુકાનો રમતોત્સવ મહુડી ખાતે આજે યોજાશે.

● અમદાવાદના ડે. કલેકટર શ્રી જાડેજાના માર્ગ અકસ્માતમાં થયેલા અવસાનના સમાચારથી જિલ્લાના મહેસુલી કર્મચારીઓમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. ૨૦૧૨માં તેઓ મણિનગર વિધાનસભાના ચૂંટણી અધિકારી હતા.

● સ્વ. જાડેજાના માનમાં આજે યોજાયેલ મહેસુલી અધિકારીઓની બેઠક રદ કરવામાં આવી હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાફટના કોન્કીટીંગનો મુખ્યમંત્રી પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ મંગળવાર ૧૫ ડિસેમ્બર-૨૦૧૫ના સવારે સરદાર સરોવર નર્મદા બંધ કેવડીયા ખાતે નિર્માણ થઈ રહેલી સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના રાફટના કોન્કીટીંગનો શુભારંભ કરાવશે.

સરદાર વલ્લભભાઈ પટેલની આ વિશ્વની સૌથી ઊંચી (૧૮૨ મીટર) પ્રતિમા મુખ્ય બંધથી નીચવાસમાં ૩.૧ કિ.મી. દૂર સાધુ ટેકરી ઉપર નિર્માણ પામી રહી છે. આ પ્રતિમા નિર્માણમાં ૫૬૦૦ મેટ્રિક ટન સ્ટ્રક્ચરલ સ્ટિલ અને ૬૬૦૦૦ મેટ્રિક ટન સીમેન્ટ તેમજ ૧૯૦૦ મે. ટન કાંસાનો ઉપયોગ થવાનો છે.

શ્રીમતી આનંદીબહેન પટેલ રાફટના કોન્કીટીંગનો આરંભ કરાવ્યા બાદ મુખ્ય બંધ ઊંચો કરવાના તથા દરવાજાની કામગીરીનું નિરીક્ષણ પણ નર્મદા નિગમના વરિષ્ઠ ઉચ્ચ અધિકારીઓ સાથે કરશે.

ધાંગધ્રાના ડેપ્યુટી કલેકટર જ્યોતિષ ભટ્ટના માતૃશ્રી પ્રતાપલક્ષ્મીબેનનું અવસાન

ધાંગ્રધાના ડેપ્યુટી કલેકટર જયોતિષભાઈ ભટ્ટ, મનિષાબેન ત્રિપાઠી તેમજ તૃપ્તિબેન દલાલના માતૃશ્રી પ્રતાપલક્ષ્મીબેન મધુસુદન ભટ્ટનું આજે સવારે અવસાન થયું છે.

૮૨ વર્ષીય સ્વ. પ્રતાપલક્ષ્મીબેનની અંતિમયાત્રા સાંજે ૪.૩૦ કલાકે સેકટર-૧ સ્થિત તેમના નિવાસ સ્થાનેથી નીકળી હતી. જેમાં સમાજના તેમજ નગરના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું આગામી તા. ૧૭ ડિસેમ્બરના રોજ સેકટર-૭ સૌરાષ્ટ્ર પટેલ વાડી ખાતે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

કાર્યપાલક ઈજનેર સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર
જાહેર નિવિદા નં.૨૦ / ૨૦૧૫-૨૦૧૬

કાર્યપાલક ઈજનેરશ્રી સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર (ફોન નં. ૦૨૭૭૨-૨૪૦૮૫૧) દ્વારા ઓડબલ્યુઆર એસ.આર. આંગણવાડી તથા બોર્ડર વિલેજ ૫૦૫૪ ટ્રાયબલ તથા એમ.પી. ફંડ ૨૦૧૫-૧૬ના કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧૫.૦૦ લાખથી ૩૩૬.૦૦ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૧/૧૨/૨૦૧૫થી જોઈ શકાશે. તા. ૩૧/૧૨/૨૦૧૫ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

કમાંક ના.મા.નિ./હિંમત/૪૪૨/૨૦૧૫